### SIR: સાડા ત્રણ માસની કવાયત પૂર્ણ, આખરી મતદાર યાદી પ્રસિદ્ધ

# ગુજરાતમાં હવે 4,40,30,725 મતદાર

**આખરી** યાદીમાં 5.60 લાખ મતદારનો નેટ વધારો

**કુલ** 5,08,43,436 મતદારમાંથી 4,34,70,109 મતદાર પાસેથી ગણતરી ફોર્મ પ્રાપ્ત થયાં

ગાંધીનગરઃ કેન્દ્રિય ચૂંટણી પંચની સૂચના મુજબ તા. 01-01-2026ની લાયકાતની તારીખના આધારે ગુજરાતમાં હાથ ધરાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR)ની સાડા ત્રણ માસ ચાલેલી વ્યાપક પ્રક્રિયા પૂર્ણ થતાં આજ રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

જૈ મુજબ રાજ્યમાં કુલ 4,40,30,725 મતદારો નોંધાયા છે. મુસદ્દા મતદાર યાદી 19 ડિસેમ્બર 2025ના રોજ પ્રસિદ્ધ થયા બાદ 30 જાન્યુઆરી 2026 સુધી હક્ક-વાંધા-દાવાઓ સ્વીકારવામાં આવ્યા હતા. ત્યારબાદ 10 ફેબ્રુઆરી 2026 સુધીમાં તમામ વાંધાઓની સત્યતા ચકાસી નિકાલ કરવામાં આવ્યો હતો. મુસદ્દા યાદી બાદ આખરી યાદીમાં 5.60 લાખ મતદારોનો નેટ વધારો નોંધાયો છે.

મુખ્ય ચૂંટણી અધિકારી ભારતીત શુક્લાએ જણાવ્યું હતું કે રાજ્યના નાગરિકો, ચૂંટણી તંત્ર, રાજકીય પક્ષો અને મીડિયા સહિત તમામના સહયોગથી આ ઝુંબેશ સફળ બની છે. રાજ્યમાં 34 જિલ્લા ચૂંટણી અધિકારી, 182 મતદાર નોંધણી અધિકારી, 855 સહાયક મતદાર નોંધણી અધિકારી અને 50,963 BLOએ ઘરે-ઘરે જઈ ગણતરી ફોર્મ આપવાની અને મતદારોના મેપીંગ-મેચીંગની કામગીરી સુપેરે પાર પાડી હતી. ઝુંબેશ દરમિયાન કુલ 5,08,43,436 મતદારોમાંથી 4,34,70,109 મતદારો પાસેથી ગણતરી ફોર્મ પ્રાપ્ત થયા હતા, મુસદ્દા યાદી પ્રસિદ્ધ થયા પહેલા રાજ્યમાં 5.08 કરોડ મતદારો નોંધાયેલા હતા, જે મુસદ્દા યાદી બાદ 4.34 કરોડ થયા હતા અને હવે આખરી યાદીમાં 4.40 કરોડથી વધુ મતદારોનો સમાવેશ થયો છે.

આખરી મતદાર યાદી તમામ મતદાન કેન્દ્રો અને નિર્ધારીત સ્થળોએ પ્રસિદ્ધ કરવામાં આવી છે. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ http://ceo.gujarat.gov.in પર પણ યાદી ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જ્યાં મતદારો પોતાની વિગતો ચકાસી શકે છે.

#### નાગરિકો ફોર્મ નં. 6, 7, 8 દ્વારા જરૂરી સુધારા કરી શકશે

ચૂંટણી તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે 18 વર્ષ પૂર્ણ કરનાર યુવાનો ફોર્મ નં. 6 ભરી આગામી સુધારણા દરમિયાન પોતાનું નામ મતદાર યાદીમાં દાખલ કરાવી શકે છે. સતત સુધારણા પ્રક્રિયા હેઠળ નાગરિકો ફોર્મ નં. 6, 7 અને 8 દ્વારા જરૂરી સુધારા કરી શકશે. રાજ્યમાં મતદાર યાદીની ચોકસાઈ અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા હાથ ધરાયેલી આ વિશેષ ઝુંબેશને ચૂંટણી પંચે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી છે.

#### ગુજરાતના જુદા જુદા જિલ્લાના મતદારોની અંતિમ યાદી

| | | | |
|---|---|---|---|
| મહેસાણા | 16,22,537 | ગાંધીનગર | 11,95,159 |
| અમદાવાદ | 49,12,548 | રાજકોટ | 20,88,779 |
| જૂનાગઢ | 11,70,409 | અમરેલી | 11,47,200 |
| ભાવનગર | 16,67,945 | બોટાદ | 5,21,977 |
| નર્મદા | 4,39,379 | ભરુચ | 11,02,790 |
| સુરત | 36,39.042 | તાપી | 4,79,665 |
| નવસારી | 9,66,231 | વલસાડ | 11,63,808 |
| ડાંગ | 1,94,653 | વડોદરા | 22,20,095 |

## ધોરણ 10-12ની બોર્ડની પરીક્ષાની હોલ ટિકિટ શાળાઓ ડાઉનલોડ કરી શકશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને 12ની પરીક્ષાઓ આગામી 26 ફેબ્રુઆરી 2026થી શરૂ થનાર છે. આ પરીક્ષા માટેની હોલ ટિકિટ શાળાઓ દ્વારા બોર્ડની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ આર.આર. વ્યાસે જણાવ્યું હતું કે, ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓ 26મી જાન્યુઆરીના રોજથી શરૂ થનાર છે. આ પરીક્ષા માટે પરીક્ષાર્થીઓના પ્રવેશ પત્ર હોલ ટિકિટ શાળાઓ દ્વારા બોર્ડની વેબસાઈટ પરથી શાળાનો ઈન્ડેક્સ નંબર, શાળાનો નોંધાયેલો મોબાઈલ નંબર, અથવા ઈમેઈલ આઈડી દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે. આ પ્રવેશ પત્રની પ્રિન્ટ કાઢી પરીક્ષાર્થીના ફેબ્રુઆરી 26 પરીક્ષાના આવેદન પત્ર મુજબના વિષય માધ્યમની ખરાઈ કરી નિયત કરેલી જગ્યાએ પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી, તેમજ આચાર્યના સહી સિક્કા સાથે પરીક્ષાર્થીઓને આપવાની રહેશે.

### 19 RDX IED બ્લાસ્ટ કરવાની વાત

## રાજ્યભરની કોર્ટોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**અમદાવાદ**, વડોદરા, ગાંધીનગર, મહેસાણા અને વલસાડની અદાલતમાથી કંઇ જ શંકાસ્પદ નહીં મળ્યું

ગાંધીનગરઃ અમદાવાદ અને વડોદરાની શાળાઓમાં ધમકીભર્યા ઈ-મેઈલ બાદ અમદાવાદ સહતિ અનેક શહેરોની કોર્ટોને નિશાન બનાવતા ધમકીભર્યા ઈ-મેલ મળતા રાજ્યભરમાં ચકચાર મચી જવા પામી છે. આજે વહેલી સવારે અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, મહેસાણા અને વલસાડની કોર્ટોમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓ એક્શનમાં આવી ગઈ હતીં. પોલીસે કોર્ટ સંકુલ ખાલી કરાવી સઘન તપાસ હાથ ધરી હતી. અમદાવાદ ગ્રામ્ય કોર્ટને સવારે 4.07 કલાકે મળેલા ઈ-મેલમાં કોર્ટ પરિસરમાં 19 RDX IED બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી હતી. ધમકીભર્યા ઈ-મેલમાં લંચ બ્રેક દરમિયાન વિસ્ફોટ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેના પગલે પોલીસ સહિત સુરક્ષા એજન્સીઓનો કાફલો તરત જ સ્થળ પર પહોંચી કોર્ટ પરિસર ખાલી કરાવી સઘન તપાસ હાથ ધરાઈ હતી. તેવી જ રીતે મહેસાણા, ગાંધીનગર, વડોદરા, વલસાડ જિલ્લા કોર્ટમાં ધમકીભર્યા ઈ-મેલને પગલે તાત્કાલિક કોર્ટ બિલ્ડિંગ ખાલી કરાવી કડક ચેકિંગ શરૂ કરાયું હતું. ખાસ કરીને ગાંધીનગરમાં વિધાનસભા ચાલુ હોવાથી તેમજ આજે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગાંધીનગરમાં હોવાથી ગાંધીનગર કોર્ટમાં ખાસ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. રાજ્યમાં જે કોર્ટોમાં ધમકીભર્યો ઈ-મેલ આવ્યો છે તે તમામ કોર્ટ પરીસરમાં બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા ખૂણે-ખૂણે તપાસ કરવામાં આવી હતી. સઘન તપાસના અંતે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી.

## સાપુતારા-સ્ટેચ્યુ ઓફ યુનિટી ગ્રીન કોરિડોર માટે 21 ગામની જમીન સંપાદિત થશે

ગાંધીનગરઃ નર્મદા જિલ્લામાં સાપુતારા-સ્ટેચ્યુ ઓફ યુનિટી ગ્રીન કોરિડોર પ્રોજેક્ટ અંતર્ગત 21 ગામોની જમીન સંપાદિત થનાર છે, તેવું વિધાનસભામાં પ્રશ્નના લેખિત જવાબમાં નર્મદા વિકાસ મંત્રીએ જણાવ્યું હતું.

31મી ડિસે. 2025ની સ્થિતિએ સંપાદક સંસ્થાની દરખાસ્ત મુજબ કુલ 21 ગામની 21-74-28 હેક્ટર-આર-ચોરસ મીટર જમીન સંપાદિત કરવામાં આવશે. જમીન સંપાદન પ્રક્રિયામાં પેસા એક્ટ મુજબ ગ્રામસભાની સહમતિ મેળવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. વધુમાં કુલ 21 ગામમાંથી 18 ગામ માટે 'વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-2013'ની કલમ 10(ક) હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

બાકીના ગામોમાં પ્રક્રિયા ચાલુ છે. પ્રોજેક્ટ અમલમાં આવતા દક્ષિણ ગુજરાતના પ્રવાસન અને કનેક્ટિવિટીને વેગ મળશે, તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ભારત સાથે સંરક્ષણ ક્ષેત્રે ભાગીદારીમાં ફ્રાન્સ રશિયાનું સ્થાન લઈ શકે તેમ છે

ટુ ધ પોઇન્ટ ■ સમકિત શાહ

ભારતે ફ્રાન્સ સાથે જે રાફેલ સોદો કર્યો, તેની ભારતને જેટલી જરૂર હતી, તેના કરતાં પણ વધુ જરૂર ફ્રાન્સને હતી. ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી ધમકીઓનો સામનો કરી રહેલા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન ભારતની મુલાકાતે મુંબઇ પહોંચ્યા છે. આ ત્રણ દિવસની મુલાકાત દરમિયાન, ભારત અને ફ્રાન્સ ૧૧૪ રાફેલ ફાઇટર જેટની ખરીદી સહિત અનેક આર્થિક કરારો પર હસ્તાક્ષર કરે તેવી અપેક્ષા છે. ૨૦૧૭ માં સત્તા સંભાળ્યા પછી મેક્રોનની આ ભારતની ચોથી મુલાકાત છે. મેક્રોન એવા સમયે ભારત સાથે ગાઢ સંબંધો વિકસાવી રહ્યા છે, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ યુરોપિયન દેશ ગ્રીનલેન્ડને પોતાના સાથે જોડવાની ધમકી આપી રહ્યા છે. મેક્રોને આ માટે ટ્રમ્પની ખુલ્લેઆમ ટીકા કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પ ગ્રીનલેન્ડ પર સહકાર નહીં આપે તો યુરોપિયન દેશો પર ટેરિફ લાદવાની ધમકી પણ આપી રહ્યા છે. ભારત અને અમેરિકા લાંબા ટેરિફ યુદ્ધ પછી વેપાર કરાર પર પણ પહોંચ્યા છે. નિષ્ણાતો કહે છે કે માત્ર ભારતને જ નહીં પરંતુ ફ્રાન્સ સહિત યુરોપિયન દેશોને પણ અમેરિકા સામે તેમની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવવા માટે નવી દિલ્હીના સહયોગની જરૂર છે.




સંરક્ષણ સહયોગમાં ઝડપથી વધતી નિકટતાને કારણે ફ્રાન્સને ભારત માટે નવું રશિયા બનવાની હિલચાલ થઈ રહી છે. જેમ રશિયા દાયકાઓથી ભારતનું સૌથી વિશ્વસનીય સંરક્ષણ ભાગીદાર રહ્યું છે, તેવી જ રીતે ફ્રાન્સ હવે લાંબા ગાળાના ઉચ્ચ-તકનીકી સંરક્ષણ સહયોગના સ્તંભ તરીકે ઊભરી રહ્યું છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર બંને દેશો વચ્ચેના સંરક્ષણ સહયોગ કરારનું આગામી ૧૦ વર્ષ માટે નવીનીકરણ કરવામાં આવે તેવી અપેક્ષા છે. આ સાથે, બંને સંરક્ષણ પ્રધાનોની હાજરીમાં હેમર મિસાઇલોના સંયુક્ત ઉત્પાદન માટે એક કરાર પર પણ હસ્તાક્ષર થવાની શક્યતા છે. યુરોપને દેખરેખ, અવકાશ અને કમાન્ડ અને નિયંત્રણ પ્રણાલીઓ સ્થાપિત કરવા પર ભારે ખર્ચ કરવો પડશે. તેઓ ઉમેરે છે કે યુરોપમાં એક મજબૂત સંરક્ષણ ઉદ્યોગનું નિર્માણ જરૂરી છે, પરંતુ તે પોતાના બળે કરી શકાતું નથી. આનું કારણ એ છે કે સ્વાયત્તતા ફક્ત વધુ શસ્ત્રોના ઉત્પાદનથી આવતી નથી; તે સંકલિત ક્ષમતાઓ વિકસાવવાથી આવે છે. ફ્રાન્સ અને ભારત વચ્ચેનો રાફેલ સોદો બંને દેશોને તેમના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. વ્યૂહાત્મક બાબતોના નિષ્ણાત મેથ્યુ ડ્રોઇને તેમના લેખમાં જણાવ્યું છે કે આ ફક્ત શસ્ત્ર સોદો નથી, પરંતુ ફાઇટર જેટ ડિપ્લોમસી છે. રાફેલ ફાઈટર જેટની ખરીદી તેની અજોડ શક્તિ અને કામગીરી વિશે ઓછી છે, પરંતુ વ્યૂહાત્મક સ્વાયત્તતા પ્રાપ્ત કરવા વિશે વધુ છે. ભારત રશિયા પરની તેની નિર્ભરતા ઘટાડવા માંગે છે. ફ્રાન્સમાં, ભારતને રાજકીય રીતે વિશ્વસનીય ભાગીદાર મળ્યો છે જે રશિયાની જેમ શસ્ત્રોના પુરવઠાની ખાતરી આપે છે. ફ્રાન્સ ચીન અને પાકિસ્તાનનો સામનો કરવા માટે રાફેલ સોદા દ્વારા ભારતમાં ટેકનોલોજી ટ્રાન્સફર કરી રહ્યું છે. રાફેલનું ઉત્પાદન ભારતમાં થશે, જેના લગભગ ૫૦ ટકા ઘટકો સ્વદેશી હશે. આનાથી ભારતની સ્થાનિક ક્ષમતાઓમાં વધારો થશે અને કોઈપણ એક શક્તિ પર તેની નિર્ભરતા ઓછી થશે. રાફેલ ખરીદવાથી અમેરિકા, રશિયા અને યુરોપને સંતુલિત કરવાની ભારતની વ્યૂહરચનાને ટેકો મળશે.

અન્ય એક નિષ્ણાત ગેસ્પાર્ડ સ્નિટ્ઝલરે પણ ફ્રેન્ચ ઇન્સ્ટિટ્યૂટ ફોર ઇન્ટરનેશનલ એન્ડ સ્ટ્રેટેજિક અફેર્સ માટેના એક લેખમાં ભારત સાથે ફ્રાન્સની મિત્રતા અને રાફેલ સોદાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. ગેસ્પાર્ડે લખ્યું છે કે રાફેલ ફાઇટર જેટ જેવા શસ્ત્રોની નિકાસ બે મુખ્ય હેતુઓ પૂરા કરે છેઃ સાર્વભૌમત્વ અને પ્રભાવ. આ નિકાસ ફ્રાન્સના સંરક્ષણ ઔદ્યોગિક અને તકનીકી આધારને વિકસાવવાનું ચાલુ રાખશે તથા તેની આધુનિક ક્ષમતાઓ, ઉત્પાદન રેખાઓ અને વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખશે. આ ફક્ત ફ્રેન્ચ સ્થાનિક ઓર્ડરના અવકાશની બહાર છે. જો આ શસ્ત્રોનું ઉત્પાદન મોટી સંખ્યામાં કરવામાં આવે તો પ્રતિ યુનિટ ખર્ચ નોંધપાત્ર રીતે ઓછો થશે. ગેસ્પાર્ડે બીજું કારણ આપ્યું કે શસ્ત્રોનું વેચાણ ફક્ત વ્યાપારી સોદા નથી, પરંતુ રાજકીય અને રાજદ્વારી પહેલ છે. તેમાં સંરક્ષણ સહયોગ અને વ્યૂહાત્મક ભાગીદારી પણ સામેલ છે, જે ફ્રેન્ચ પ્રભાવ અને પરસ્પર નિર્ભરતાને વધારે છે. વધુમાં, ભારતે રાફેલ સોદાને યુરોપની વ્યૂહાત્મક સ્વાયત્તતા વિશે ચાલી રહેલી ચર્ચાના સંદર્ભમાં જોવો જોઈએ. અન્ય એક નિષ્ણાત જેકોપો બારીગાઝીએ પોલિટિકોમાં એક લેખમાં લખ્યું છે કે યુરોપિયન દેશો ઘાતક શસ્ત્રોનું ઉત્પાદન કરી શકે છે, પરંતુ તેઓ ગુપ્ત માહિતી, લોજિસ્ટિક્સ, સંદેશાવ્યવહાર, રિફ્યુઅલિંગ, અવકાશ સંપત્તિ અને કમાન્ડ અને નિયંત્રણ માટે અમેરિકા પર ભારે નિર્ભર છે. યુરોપિયન અધિકારીઓ કહે છે કે અમેરિકા પર નિર્ભરતા દૂર કરવી એ પ્રાથમિકતા છે અને આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા તરફનું પ્રથમ પગલું છે. જો કે, તેઓ ચેતવણી આપે છે કે આનાથી GDP ના ૧૦ ટકાનો ખર્ચ થઈ શકે છે.

ભારત અને ફ્રાન્સ વચ્ચે પહેલાથી જ મજબૂત સંબંધો છે. ૨૦૧૬ માં ૩૬ રાફેલ જેટ વિમાન માટેના પ્રારંભિક સોદા પછી, બંને દેશોએ સ્કોર્પિન સબમરીન જેવા અનેક પ્રોજેક્ટો પર સહયોગ કર્યો છે. ૨૦૨૬ માં આ મુલાકાત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે ભારત વધતી જતી ચીની આક્રમકતા અને પાકિસ્તાની આક્રમકતા વચ્ચે તેની હવાઈ શક્તિને બમણી કરવા માંગે છે. ઇમેન્યુઅલ મેક્રોન પણ માને છે કે ભારત ફ્રાન્સનો સૌથી મોટો ભાગીદાર છે. ભારતે ઓપરેશન સિંદૂરમાં રાફેલની તાકાત દર્શાવી છે. આ જ કારણ છે કે રાફેલ સોદો આ મુલાકાતનું મુખ્ય કેન્દ્ર છે. આ સોદો માત્ર સંરક્ષણને મજબૂત નહીં બનાવે, પરંતુ ભારત-ફ્રાન્સ ભાગીદારીની ખાતરી પણ આપશે.

આ સોદાનો સૌથી મહત્ત્વપૂર્ણ ઘટક રાફેલનું F-5 વર્ઝન છે. રાફેલ એક ફ્રેન્ચ બહુ-ભૂમિકા ધરાવતું ફાઇટર એરક્રાફ્ટ છે જે જમીન, સમુદ્ર અને હવાઈ લડાઇ માટે સક્ષમ છે. તેના વિવિધ વર્ઝન છે, જેમાં F3, F4 અને હવે F5નો સમાવેશ થાય છે. નવા સોદામાં F4 અને F5 વર્ઝનનો સમાવેશ થશે. આમાંથી ચોવીસ એરક્રાફ્ટ સુપર રાફેલ્સ હશે, જે F-5 વર્ઝનના પ્રોટોટાઇપ છે. હાલમાં, ભારત પાસે રાફેલનું F-3 વર્ઝન છે. F-4 અને F-5 માં અદ્યતન ટેકનોલોજી અને અપગ્રેડેડ સિસ્ટમ્સ હશે. F-5 વર્ઝનને છઠ્ઠી પેઢીનું ફાઇટર માનવામાં આવે છે. F5 રાફેલમાં અદ્યતન સેન્સર, સ્ટીલ્થ સુવિધાઓ, AI-આધારિત સ્વાયત્તતા અને કિલ-વેબ ટેકનોલોજી હશે. તે અનેક વિમાનોને જોડીને દુશ્મનને નિશાન બનાવશે. તેનાં નવાં એન્જિન, સુધારેલા મિસાઇલો અને ડ્રોન એકીકરણ તેને અત્યંત શક્તિશાળી બનાવે છે. ૨૪ સુપર રાફેલ F5 ના પ્રોટોટાઇપ છે, અને ફ્રાન્સ ૨૦૩૦ સુધીમાં તેમને પહોંચાડશે. આ સોદો ભારતને ટેકનોલોજી ટ્રાન્સફર પણ પ્રદાન કરશે.

આજે ભારત ફક્ત શસ્ત્રોનો ખરીદનાર જ નથી પણ સ્વદેશી વૈજ્ઞાનિકો દ્વારા વિકસિત શસ્ત્રોનો નિકાસકાર પણ છે. આ નિકાસ હવે ત્રીજા વિશ્વના દેશો સુધી મર્યાદિત નથી. વિકસિત દેશો પણ હવે ભારતના શસ્ત્રોના પ્રશંસક બની રહ્યા છે. ફ્રાન્સ પણ ભારતની રોકેટ સિસ્ટમમાંથી એક ખરીદવા માંગે છે. આ માટે એક ઉચ્ચ-શક્તિવાળી સમિતિ ભારતની મુલાકાત લઈ ચૂકી છે. પિનાકા ભારતની સૌથી અદ્યતન રોકેટ સિસ્ટમ છે, જે તેના વર્ગની કોઈપણ સિસ્ટમને મજબૂત સ્પર્ધા આપે છે. તે અમેરિકન HIMARS અને રશિયન ટોર્નાડો-S સાથે સીધી સ્પર્ધા કરે છે. પિનાકા એક મલ્ટી-બેરલ રોકેટ લોન્ચર સિસ્ટમ છે. જો આ સોદો અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે, તો તે ભારતની શસ્ત્ર નિકાસમાં નોંધપાત્ર વધારો કરશે. ફ્રાન્સ એક વિકસિત દેશ છે, વૈશ્વિક શસ્ત્ર બજારમાં એક મુખ્ય ખેલાડી છે, નાટોનો સભ્ય છે અને એક મહાસત્તા છે. તેથી, જો ફ્રાન્સ ભારતીય સિસ્ટમ પર આધાર રાખે તો તે ભારતના શસ્ત્રોની વિશ્વસનીયતામાં વધારો કરશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**આજે ભારત ફક્ત શસ્ત્રોનો ખરીદનાર જ નથી પણ સ્વદેશી વૈજ્ઞાનિકો દ્વારા વિકસિત શસ્ત્રોનો નિકાસકાર પણ છે. આ નિકાસ હવે ત્રીજા વિશ્વના દેશો સુધી મર્યાદિત નથી**

# BUSINESS મિત્ર

### IT સેક્ટરમાં જોરદાર વાપસી અને નિફ્ટી વીકલી એક્સપાયરીને પગલે બજાર લાલ નિશાનમાંથી લીલા નિશાનમાં બંધ

# સેન્સેક્સ નીચલા સ્તરેથી 600 પોઇન્ટ ઉછળ્યો

**ઇન્ફોસીસે** એન્થ્રોપિક સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરતા આઇટી શેરો ભાગ્યા

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 17:** ભારતીય શેરબજારમાં શરૂઆત લાલ નિશાનથી થઇ હતી, પણ મિડ સેશન સુધીમાં બજાર રીકવર થઇ ગયું હતું, જેમાં જે કંપનીથી રોકાણકારો ગભરાયા હતા અને આઇટી કંપનીઓનું ભારે ધોવાણ થયું છે, તેની સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી દેતાં ઇન્ફોસીસની આગેવાની હેઠળ આઇટી સેકટર રીકવર થયા હતા, તેમજ નિફ્ટી વીકલી એકસપાયરીના લીધે શોર્ટ કવરીંગના લીધે પણ બજારમાં રીકવરી જોવા મળી હતી. અંતે, સેન્સેકસ નીચલા સ્તરેથી 600 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. બીજી તરફ, ડોલરની સામે રૂપિયો નજીવો સુધારો જોવાયો હતો. ક્રુડ ઓઇલના ભાવમાં ધીમો સુધારો જોવાયો હતો. ભારત તેની ક્રુડ ઓઇલની જરૂરિયાતનો મોટો હિસ્સો વિદેશથી આયાત કરે છે. આવી સ્થિતિમાં ક્રુડ ઓઇલના ભઆવમાં ઘટાડો અર્થતંત્ર અને બજાર બંને માટે સકારાત્મક માનવામાં આવે છે, જેનાથી ફુગાવો અને ચાલુ ખાતાની ખાધ પરનું દબાણ હળવું થઇ શકે છે.

બીએસઇ સેન્સેક્સ 173.81 પોઇન્ટ એટલે કે 0.21 ટકા વધીને 83450.96 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 83598 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 83000 પોઇન્ટની સપાટી તોડીને 82987 પોઇન્ટ સુધી પહોંચી હતી. નિફ્ટી 42.65 પોઇન્ટ એટલે કે 0.17 ટકા વધીને 25725.40 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટીએ 25700 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25764 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25570 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 224.90 પોઇન્ટ એટલે કે 0.37 ટકા વધીને 61174 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ઇન્ડસઇન્ડ બેન્ક 39.18 ગણા, વન 97 કોમ્યુનીકેશન 5.51 ગણા, કોચીન શીપયાર્ડ 5.15 ગણા, વિપ્રો 4.72 ગણા, ન્યુજન સોફ્ટવેર 4.64 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ન્યુજન સોફ્ટવેર 36.82 ગણા, કોચીન શીપયાર્ડ 7.54 ગણા, ગો ડિજીટ જનરલ ઇન્સ્યોરેન્સ 5.89 ગણા, અકુમ ડ્રગ્સ 3.17 ગણા અને ઓલા ઇલે. 2.93 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હોત. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.31 ટકા વધ્યા છે, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 0.86 ટકા વધ્યા છે. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ જોવાયા હતા. બીએસઇ ખાતે 2445 શેરો વધ્યા હતા, જ્યારે 1757 શેરો ઘટ્યા હતા અને 150 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 1.03 ટકા વધ્યા છે. જેમાં ઓરેકલ ફાઇ. સર્વિસીસ સોફ્ટવેર, ઇન્ફોસીસ, એચસીએલ ટેકન, વિપ્રો, પરસીસ્ટન્ સીસ્ટમ, ટેક મહિન્દ્રા, એલટીઆઇ માઇન્ડ ટ્રી, ટીસીએસ અને એમફાસીસ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુકેનો બેરોજગારી દર પાંચ વર્ષની ઉંચી સપાટીએ પહોંચ્યો હોવા છતાં યુરોપિયન બજારો સુધર્યો હતો. જ્યારે વેતન વૃદ્ધિ ધીમી પડી છે. યુકેની બેરોજગારી કોરોના પછી ટોચ પર પહોંચી ગઇ હતી. ગત વર્ષના અંતિમ કવાર્ટરમાં બેકારી દર વધીને 5.2 ટકા હતો, જે 2021ની શરૂઆતથી સૌથી વધુ છે. જાપાનની નબળી અર્થવ્યવસ્થા અપેક્ષિત જીડીપી આંકડા કરતા નરમ થયા બાદ દેશ એ સોમવારે અહેવાલ આપ્યો હતો કે ચોથા કવાર્ટરમાં તેની અર્થવ્યવસ્થા વાર્ષિક 0.2 ટકા વધી છે, જે 1.6 ટકાની વ્યાપકપણ નોંધાયેલી લાભની આગાહીથી ઘણી ઓછી છે. બેન્ક ઓફ જાપાનની આગામી માર્ચમાં નીતિ વધઉ કડક બનાવશે તેની સામે રોકાણકારોને અપેક્ષા છે કે તેઓ જુલાઇ સુધી રાહ જોશે. એશિયન બજારોમાં ચીન, હોંગકોંગ, સિંગાપોર, તાઇવાન અને દક્ષિણ કોરિયાના બજારો ચંદ્ર નવા વર્ષની રજાઓ માટે બંધ થયા હતા. જોકે, આજે એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.12 ટકા અને ડેક્સ 0.22 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.13 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.75 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

#### ડોલરમાં ધીમો સુધારો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 2 પૈસા ઘટ્યો હતો, જેના લીધે 90.68ના સ્તરે બંધ રહ્યા હતા. આજે ડોલરની સામે રૂપિયો 90.66ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107.94, પાઉન્ડ 122.52, કેનેડિયન ડોલર 66.66, ઓસ્ટ્રેલિયન ડોલર 64.37, જાપાનીઝ યેન 0.5927 અને સીંગાપોર ડોલર 71.96ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 90.67 રૂ. |
| યુરો | 107.94 રૂ. |
| પાઉન્ડ | 124.52 રૂ. |
| યેન | 0.5927 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 173.81 | 83450.96 |
| નિફ્ટી | 42.65 | 25725.40 |
| બેન્ક નિફ્ટી | 224.90 | 61174.00 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટર | 2.67 | 2242.90 |
| આઇટીસી | 2.36 | 325.45 |
| બીઇએલ | 2.02 | 446.85 |
| ઇન્ફોસીસ | 1.87 | 1391.20 |
| લાર્સન-ટુબ્રો | 1.86 | 4279.80 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 1.91 | 890.10 |
| ઇટર્નલ | 1.78 | 281.50 |
| ટ્રેન્ટ | 1.36 | 4171.90 |
| ટાટા સ્ટીલ | 1.33 | 203.08 |
| રિલાયન્સ | 0.98 | 1423.00 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 2.33 | 325.35 |
| બીઇએલ | 1.96 | 446.65 |
| ઇન્ફોસીસ | 1.83 | 1391.30 |
| લાર્સન-ટુબ્રો | 1.74 | 4275.10 |
| એશિયન પેઇન્ટસ | 1.67 | 2436.80 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 1.52 | 281.70 |
| ટાટા સ્ટીલ | 1.31 | 203.05 |
| ટ્રેન્ટ | 1.28 | 4174.90 |
| રિલાયન્સ | 0.87 | 1423.90 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.59 | 3488.75 |

#### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

#### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

#### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

#### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૬૭૫૦ |
| તેજાબી સોનું | ૧૫૬૬૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૮૯૧૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૩૬૧૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૬૭૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૨૨૦૦ |

## કોપરના ભાવમાં મોટું ગાબડું: શું આ તેજીનો અંત છે કે ખરીદીની તક?

**રેકોર્ડ** સપાટીથી કિંમતો 27% ઘટી, પરંતુ નિષ્ણાંતો લાંબા ગાળા માટે હજુ પણ આશાવાદી

**નવી દિલ્હી, તા. 17:** 2025માં તેજી દર્શાવનાર કોપર હવે ઘટવાનું શરૂ થઇ રહ્યું છે. જાન્યુઆરી સુધી સતત વધ્યા પછી, કિંમતો ધીમી પડી છે અને ઉપલા સ્તરથી લગભગ 27 ટકા ઘટી છે. આજે એમસીએક્સ પર ફેબ્રુઆરી કોન્ટ્રાક્ટ 1.5 ટકા ઘટીને 1179.35 રૂપિયા પર બંધ થયો હતો. બજારમાં પ્રોફિટ બુકિંગમાં વધારો થયો હતો અને રોકાણકારોમાં પ્રશ્ન ઉભો થયો હતો કે શું હવે કોપર ફંડામેન્ટલ્સ બદલાઇ રહ્યા છે. વૈશ્વિક બજારમાં પણ નબળાઇ જોવા મળી હતી. કોમેક્સ પર કોપર 1.6 ટકા અને એલએમઇ પર 1.8 ટકા ઘટીને 12813.06 ડોલર પ્રતિ ટન પર બંધ રહ્યો હતો. આ પહેલા ફેબ્રુઆરી વાયદો એમસીએક્સ પર 1480.30 રૂપિયાના રેકોર્ડ સ્તરને સ્પર્શ્યો હતો.

કોપરના તાજેતરના ઘટાડા અંગે બજારમાં ચિંતા છે, પરંતુ રેલિગેર બ્રોકિંગના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ (રિસર્ચ) અજિત મિશ્રા તેને મુખ્ય ટ્રેન્ડ ચેન્જ તરીકે જોતા નથી. તેમનું કહેવું છે કે આ ઘટાડો વાસ્તવમાં રૂ. 1190-1195ની રેન્જમાં ચાલી રહેલું સામાન્ય કોન્સોલિડેશન છે, જે બુલિશ ટ્રેન્ડના અંતનો સંકેત નથી. અજિત મિશ્રાના જણાવ્યા અનુસાર લાંબા ગાળાનો દૃષ્ટિકોણ હજુ પણ મજબૂત છે. વૈશ્વિક સ્તરે, પુરવઠાની અછત છે અને ઔદ્યોગિક માંગ સ્થિર છે, જે ભાવોને ટેકો આપી શકે છે. તેઓ ચીનમાં ચંદ્ર નવા વર્ષની રજાઓ દરમિયાન બજાર બંધ થવા સાથે તાજેતરની નબળાઇ છે. જેના કારણે ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો થયો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે લંડન મેટલ એક્સચેન્જના વેરહાઉસમાં વધતા શેરોએ ચોક્કસપણે વેચાણનું દબાણ વધાર્યું છે, પરંતુ જ્યાં સુધી ફંડામેન્ટલ્સ મજબૂત છે, ત્યાં સુધી મોટા ઘટાડાની સંભાવના ઓછી છે.

અજિત મિશ્રાના જણાવ્યા મુજબ ફેબ્રુઆરીમાં જે ઘટાડો થયો છે તે અચાનક નબળાઇ નથી પરંતુ પહેલાથી જ અપેક્ષિત વધઘટનો એક ભાગ છે. તીવ્ર રેલીને બદલે, મર્યાદિત રેન્જમાં ગતિ કરતી કિંમત એ સંકેત છે કે બજારમાં વોલ્યુમ હાલ ઓછું છે. ચીનમાં રજાઓ હોવાને કારણે ટ્રેડિંગ સુસ્ત રહ્યું હતું, જેના કારણે રોકાણકારોના વલણમાં પણ થોડો ઘટાડો થયો છે. તેમનું કહેવું છે કે આ સકારાત્મક તબક્કો ટૂંકા સમય માટે ચાલુ રહી શકે છે. જો કોપર 1160 રૂપિયાથી નીચે જાય છે, તો કિંમત 1100 રૂપિયાથી 1125 રૂપિયાની રેન્જમાં આવી શકે છે.

નિષ્ણાંતોના મતે બજાર હજુ પણ અસ્થિર હોવા છતાં લાંબા ગાળાનો ટ્રેન્ડ મજબૂત માનવામાં આવે છે. આવી સ્થિતિમાં, વેપારીઓ ઉતાવળને બદલે યોગ્ય સ્તરની રાહ જોઇ શકે છે. જો ફેબ્રુઆરી કોન્ટ્રાક્ટની કિંમત 1,220-1,225 રૂપિયાથી ઉપર રહે છે અને મજબૂત સંકેત આપે છે, તો નવી ખરીદી કરી શકાય છે.

## સોના-ચાંદીના ભાવમાં કડાકો

**ચાંદીમાં** પ્રતિ કિલોએ રૂ.5,000 અને સોનામાં પ્રતિ 10 ગ્રામ રૂ.2,200નો ઘટાડો નોંધાયો

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ): વૈશ્વિક બજારોના નબળા સંકેતો અને સ્થાનિક માગમાં ઘટાડાને કારણે મંગળવારે દેશની રાજધાનીમાં કિંમતી ધાતુઓના ભાવમાં 2 ટકા સુધીનો મોટો ઘટાડો જોવા મળ્યો હતો. દિલ્હીના બુલિયન માર્કેટમાં ચાંદીના ભાવમાં કિલો દીઠ રૂ. 5,000નો ઘટાડો થતા તે રૂ. 2.45 લાખના સ્તરે પહોંચી ગઈ છે, જ્યારે સોનાના ભાવમાં પણ પ્રતિ 10 ગ્રામ 2,200નો ઘટાડો નોંધાયો છે.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ચાંદીની કિંમત (તમામ ટેક્સ સહિત) સોમવારના બંધ ભાવ 2,50,000થી ઘટીને 2,45,000 પ્રતિ કિલોગ્રામ થયો છે. સોનાની વાત કરીએ તો, 99.9 ટકા શુદ્ધતા ધરાવતા સોનાનો ભાવ 2,200 (1.4 ટકા) ઘટીને 1,57,000 પ્રતિ 10 ગ્રામ થયો છે, જે અગાઉના સત્રમાં 1,59,200 પ્રતિ 10 ગ્રામ પર બંધ રહ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. હાજર ચાંદીનો ભાવ 2.15 ટકા ઘટીને 74.96 ડોલર પ્રતિ ઔંસ પર આવી ગયો હતો, જ્યારે સોનું 1.04 ટકાના ઘટાડા સાથે 4,938.70 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ કરી રહ્યું હતું.

નિષ્ણાતોના મતે એશિયન બજારોમાં રજાઓને કારણે ઓછી તરલતા અને અમેરિકામાં ફુગાવાના નબળા આંકડાની અસર કિંમતી ધાતુઓ પર જોવા મળી છે. આ ઉપરાંત, ચીનમાં નવા વર્ષની રજાઓ શરૂ થતાં ખરીદીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેના કારણે ભાવ દબાણ હેઠળ રહ્યા છે. રોકાણકારો હવે જીનીવા ખાતે શરૂ થનારી અમેરિકા-ઈરાન વાટાઘાટો અને રશિયા-યુક્રેન વચ્ચેની મંત્રણાઓ પર નજર રાખી રહ્યા છે, જેની અસર આગામી દિવસોમાં સુરક્ષિત રોકાણ તરીકે સોનાની માગ પર પડી શકે છે.